પરિપત્ર

ક્રમાંકઃ-મઉમશબ/સંશોધન/૨૦૧૮/૪૦૦૭-૪૪
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સેકટર-૧૦ બી, જૂના સચિવાલય પાસે,
ગાંધીનગર. તા. ૦૨/૦૮/૨૦૧૮

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, (તમામ)
ગુજરાત રાજ્ય.

વિષયઃ- શાળાઓમાં નવરાત્રી વેકેશન આપવા બાબત.
સંદર્ભઃ- ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર દ્વારા પ્રસિદ્ધ કરેલ શાળાકીય પ્રવૃત્તિ કેલેન્ડર ૨૦૧૮-૧૯.

ઉપરોક્ત વિષય અન્વયે સદર્ભમાં દર્શાવેલ શાળાકીય પ્રવૃત્તિ કેલેન્ડર ૨૦૧૮-૧૯ તરફ આપનું ધ્યાન દોરી જણાવવાનું કે સરકારશ્રી દ્વારા કરવામાં આવેલ નિર્ણય અનુસાર ઉક્ત કેલેન્ડરમાં દર્શાવેલ તા.૧૦/૧૦/૨૦૧૮ થી તા.૧૭/૧૦/૨૦૧૮ સુધીના સમયગાળા માટે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની માન્યતા ધરાવતી તમામ માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં નવરાત્રી વેકેશન આપવાનું રહેશે. તા.૧૮/૧૦/૨૦૧૮ના રોજ દશેરાની જાહેર રજા છે. શાળાઓમાં દિવાળી વેકેશન તા.૦૫/૧૧/૨૦૧૮ થી તા.૧૮/૧૧/૨૦૧૮ સુધી રહેશે. શાળાઓમાં બીજુ શૈક્ષણિક સત્ર તા.૧૯/૧૧/૨૦૧૮થી શરૂ થશે. તે મુજબનો ફેરફાર શાળાકીય પ્રવૃત્તિ કેલેન્ડર ૨૦૧૮-૧૯માં કરવાનો રહેશે. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર દ્વારા પ્રસિદ્ધ કરેલ શાળાકીય પ્રવૃત્તિ કેલેન્ડર ૨૦૧૮-૧૯ની અન્ય વિગતો યથાવત રહેશે. આ અંગેની જાણ આપના તાબાની તમામ માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક શાળાઓને કરવા વિનંતી છે.

(બી.એન.રાજગોર)
સંયુક્ત નિયામક
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર

ક્રમાંક /માધ્ય૩/૭૬૭૪૨-૪૭૨૭૨
જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી
જોરાવર પેલેસ,
બનાસકાંઠા જિલ્લો, પાલનપુર.
તારીખ ૦૬-૦૮-૨૦૧૮

૦૨/- નકલ રવાના જાણ તથા અમલ સારૂ.

જિલ્લા શિક્ષણાધિકારી,
બનાસકાંઠા જિલ્લા, પાલનપુર.

પ્રતિ,
આચાર્યશ્રી,
સરકારી/બિનસરકારી/બિનગ્રાન્ટેડ